ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

નડિયાદમાં તંત્રની બેદરકારી | રખડતા ઢોરના હુમલાથી નિરાધાર યુવકનું કરુણ મોત છતાં પણ ઢોરનો આતંક યથાવત

નડિયાદમાં રખડતા પશુએ યુવકનો જીવ લીધો

નિરાધાર યુવકના મૃતદેહને બે દિવસ પછી અંતિમ સંસ્કાર કરાયાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 31

શહેરના સંત અન્ના ચોકડી વિસ્તારમાં રખડતા ઢોરનો આતંક ત્રણ મહિના પહેલાં એક નિરાધાર યુવકનો ભોગ લીધો હોવા છતાં યથાવત છે. આશરે ત્રણ મહિના પૂર્વે રખડતા ઢોરના હુમલામાં ગંભીર ઈજાઓ થવાથી યુવકનું દર્દનાક મોત થયું હતું. આ કરુણ ઘટના બાદ યુવકનો મૃતદેહ બે દિવસ સુધી સ્થળ પર જ પડ્યો રહ્યો હતો. સૌથી આઘાતજનક બાબત એ છે કે, આટલી ગંભીર ઘટના બાદ પણ તંત્ર કોઈ નક્કર કાર્યવાહી કરી શક્યું નથી, અને પરિણામે એ જ વિસ્તારમાં રખડતા ઢોરોએ વધુ બે લોકોને અડફેટે લીધા છે.

યુવક નિરાધાર હોવાના કારણે આ આખો મામલો દબાઈ ગયો હતો, ત્યારે સ્થાનિકોમાંથી મળતી વિગતો મુજબ આ ઘટનાએ નડિયાદ સંત અન્ના ચોકડી નજીક રહેતો અંદાજે 25 વર્ષિય દીપક નટુભાઈ તળપદા નામનો યુવક નડિયાદ કોર્ટની કેન્ટીનમાં નોકરી કરતો હતો. તારીખ 15/04/2025 ના રોજ તેના ઘર પાસે જ રખડતા ઢોરે તેને ગંભીર રીતે ઈજા પહોંચાડી હતી. આ ભયાનક હુમલામાં યુવકનું સ્થળ પર જ મોત થયું. સૌથી ચોંકાવનારી વાત એ છે કે, યુવક નિરાધાર હોવાથી તેનો મૃતદેહ બે દિવસ સુધી ત્યાં

જ પડ્યો રહ્યો હતો. આ અંગે તંત્રને જાણ કરાયા બાદ તારીખ 17/04/2025 ના રોજ મનપાએ યુવકના મૃતદેહને બિનવારસી ગણીને તેના અંતિમ સંસ્કાર કરી કર્યાં હતાં.

જો કે, નિરાધાર યુવકના મોત બાદ પણ તંત્રની બેદરકારી ચાલુ રહી અને રખડતા ઢોરોનો આતંક યથાવત રહ્યો. તાજેતરમાં જ, બુધવાર, 30 જુલાઈના રોજ ન્યાયાધીશની ગાડી કોર્ટમાંથી નીકળીને રોડ તરફ પસાર થઈ રહી હતી તે દરમિયાન એક રખડતા ઢોરે વૃદ્ધ છક્કાભાઈ ભરવાડ પર હુમલો કર્યો હતો. આ ઉપરાંત, બે દિવસ પહેલાં પણ રખડતા ઢોરે એક નાના બાળકને શીંગડે ચઢાવ્યો હતો. જેના કારણે નડિયાદના જાહેર માર્ગો પર રખડતા ઢોરનો ભય કેટલો વ્યાપક છે, તે ઉજાગર થઈ રહ્યુ છે. ત્યારે આટલી બિનાઓ છતાં હજુ સુધી નડિયાદમાં મનપા રખડતા ઢોર મામલે ગંભીર ન હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યુ છે.

હાઈકોર્ટનીકન્ટેપ્ટ ,સુઓમોટોસંજ્ઞાનલેવાશે?

આ અંગે કાયદાકીય તજજ્ઞોના મતે ગુજરાત હાઈકોર્ટની નવી ગાઈડલાઈન મુજબ રખડતા ઢોરના કારણે કોઈ માનવ મૃત્યુ થાય, તેવા સંજોગોમાં ઢોર માલિક, સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ તંત્રની સીધી જવાબદારી ઉપસ્થિત થાય છે. તેમજ આ ઘટના એ હાઈકોર્ટની કન્ટેમ્ટ થઈ છે તે સ્પષ્ટ છે, તેવા સંજોગોમાં આગામી બુધવારે જ હાઈકોર્ટની આ અંગેની સુનાવણી હોય, તેમાં આ ઘટનાને સુઓમોટો સંજ્ઞાને લેવાશે કે કેમ? તે મહત્વપૂર્ણ પ્રશ્ન છે.

ઢોર ટીમને ઘેરી લઈ ડરાવવાની પેરવી

આ તરફ આ ઘટનાઓ બાદ ઢોર વિભાગ દ્વારા અમદાવાદની એક એજન્સીને ઢોર પકડવાનું જણાવાયુ હતુ. જ્યાં આ એજન્સીના માણસો ઢોર ભરવાના વાહનો સાથે ડભાણ ચોકડી નજીક પહોંચ્યા હતા. જ્યાં ઢોર માલિકોનું 70 ઉપરાંતના ટોળએ આ ઢોર પકડ ટીમને ઘેરી લીધી હતી. આ પછી લાંબા સંઘર્ષ બાદ અત્રેથી પણ ઢોર ટીમને રવાના થઈ જવુ પડ્યુ હતુ.

ઢોર ટીમ પકડવા પહોંચી તો ટોળુ આવ્યું

શહેરમાં રખડતા ઢોરોના ત્રાસ બાદ જાગૃતજનોએ ઢોર વિભાગને જાણ કરી હતી. જેના પગલે ઢોર વિભાગની ટીમ ગુરુવારે સ્થળ આ રખડતા ઢોરોને પકડવા આવી હતી, આ દરમિયાન ઢોર માલિક સ્થળ પર આવી ગયા હતા અને ઢોર વિભાગના કર્મચારીઓ સાથે માથાકૂટ કરવા લાગ્યા હતા. જો કે, ગતરોજ હુમલામાં ઈજાગ્રસ્ત બનેલા છક્કાભાઈ ભરવાડે આ મામલે ઢોર માલિકો સાથે સંઘર્ષ કર્યો હતો અને સામે થઈ મનપાની ટીમ અને સ્થાનિકોને રક્ષણ આપ્યુ હતુ.

ઢોરપોલીસીનીઅમલવારીમાં7મહિનાલાગ્યા

નડિયાદ મહાનગરપાલિકા બન્યાને 7 માસ પૂર્ણ થઈ ગયા છે. આ વચ્ચે મનપા કમિશ્નર જી. એચ. સોલંકીએ છેલ્લા 7 મહિનાથી ગુજરાત હાઈકોર્ટ અને રાજ્ય સરકારની અત્યંત મહત્વની ઢોર પોલીસી લાગુ કરવામાં કોઈ રસ લીધો નહોતો. તાજેતરમાં જ ઢોર પોલીસી અંગે તેમણે એક લેખિત ફતવો બહાર પાડ્યો, પરંતુ હજુ સુધી તેની ચોક્કસ અમલવારી શહેરમાં દેખાતી નથી.

અખિલ ભારતીય સફાઈ મજદૂર સંઘ દ્વારા પડતર પ્રશ્ને આવેદનપત્ર સુપરત કર્યું

નડિયાદ પાલિકાના સફાઈ કામદારોએ પડતર પ્રશ્ને લડતની ચિમકી ઉચ્ચારી

વારસાઈ હકથી માંડી પગારની અનિયમितતા સુધીની અનેક માંગણી પડતર

(પ્રતિનિધિ) નડિયાદ, તા.31

અખિલ ભારતીય સફાઈ મજદૂર સંઘ દ્વારા નડિયાદ મનપાના વહીવટદાર અને કલેક્ટરને તેમજ મ્યુનિસિપલ કમિશનર સમક્ષ સફાઈ કામદારોના વિવિધ પ્રશ્નો અંગે એક વિસ્તૃત આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું છે. જેમાં સંઘ દ્વારા કામદારોની લાંબા સમયથી પડતર અનેક માંગણીઓનો ઉકેલ લાવવા માટે તાકીદની રજૂઆત કરવામાં આવી છે.

અખિલ ભારતીય સફાઈ મજદૂર સંઘની પ્રથમ અને મુખ્ય માંગણી એ છે કે 01 ઓગસ્ટ, 2014 થી 31 ડિસેમ્બર, 2022 સુધીના સમયગાળામાં નગરપાલિકામાં ભરતી થયેલા 111 સફાઈ કામદારોના પગાર રોકડમાં ચૂકવવાને બદલે તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવે, જે પારદર્શિતા અને નિયમિતતા સુનિશ્ચિત કરશે. આ ઉપરાંત, મહેકમ ખાતે સફાઈ કામદારોની જૂની અને નવી તમામ માંગણીઓને તાત્કાલિક મંજૂરી આપી તેનો સત્વરે નિકાલ લાવવાની રજૂઆત કરવામાં આવી છે, કારણ કે આ પ્રશ્નો લાંબા સમયથી વણઉકેલ્યા છે. સંઘ દ્વારા વારસાઈ હકનો મુદ્દો પણ ઉગ્રપણે ઉઠાવવામાં આવ્યો છે. ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગના પરિપત્ર મુજબ, નડિયાદ નગરપાલિકાના આશરે 200 જેટલા નિવૃત્ત સફાઈ કામદારોના વારસદારોને 30 ડિસેમ્બર, 2022 સુધીમાં ભરતી આપવાનો હુકમ હોવા છતાં, આજદિન સુધી આ દિશામાં કોઈ કાર્યવાહી થઈ નથી, જે વારસદારો માટે અન્યાયકર્તા છે. આ મામલે વહેલી તકે પગલાં ભરવાની તાકીદ કરવામાં આવી છે. આ આવેદનપત્રમાં એક ગંભીર આક્ષેપ પણ કરવામાં આવ્યો છે કે 16 સપ્ટેમ્બર, 2014 ના રોજ યોજાયેલા સફાઈ કામદારોના શારીરિક પરીક્ષણમાં કેટલાક કામદારો ખોટા દસ્તાવેજો સાથે હાજર રહ્યા હતા. આ મુદ્દે તાત્કાલિક તપાસ કરીને કસૂરવારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની પણ માંગ કરવામાં આવી છે, જેથી આ પ્રકારની ગેરરીતિઓને અટકાવી શકાય.

મહેમદાવાદમાં બુલેટ ટક્કરે વૃદ્ધનું કરુણ મોત

(પ્રતિનિધિ) મહેમદાવાદ, તા. 31

મહેમદાવાદ અરેરીમાં કેરી વિસામા નજીક ખાત્રજ ચોકડી પાસે કાળમુખો અકસ્માત સર્જાયો હતો. જેમાં ખાત્રજ ચોકડીથી રીક્ષામાં બેસી આવેલા એક વૃધ્ધ રોડ ક્રોસ કરવા દરિમયાન બુલેટની હડફેટે ચડ્યાં હતાં. જેમા વૃધ્ધને માથાના તથા શરીરના ભાગો પર ગંભીર ઈજાઓ પહોચી હતી. જેથી કોઈએ 108 ને જાણ કરી હતી અને પછીથી 108 આવતા વૃધ્ધને સારવાર માટે કાશીબા હોસ્પિટલ ખસેડાયા હતા.જયા સારવાર દરમિયાન સોમાભાઈ (ઉ.વ.60)ને ડોકટરે મરણ જાહેર કર્યાં હતાં. જે અંગે મૃતકના ભત્રીજા કનુભાઈ રાઠોડે બુલેટ નં.જીજે27એફએલ8299ના ચાલક વિરૂદ્ધ મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

ખેડા LCBનો કોન્સ્ટેબલ 25 હજારની લાંચ લેતા પકડાયો

દેશી દારૂના ખોટા કેસની ધમકી આપીને લાંચ માંગી હતી

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 31

નડિયાદમાં લાંચ લેતા પોલીસકર્મીઓને પકડવા માટે એસીબીએ દ્વારા વધુ એક સફળ ટ્રેપ ગોઠવવામાં આવી છે. શહેરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)માં ફરજ બજાવતો પોલીસ કોન્સ્ટેબલ હિરેનકુમાર જયંતિભાઈ પટેલ દારૂનો ખોટો કેસ કરવાની ધમકી આપીને એક જાગૃત નાગરિક પાસેથી રૂ. 25,000ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ ગયો છે.

આ કેસની વિગત અનુસાર, નડિયાદના ગુતાલ ગામના એક જાગૃત નાગરિક અને તેમના પરિવારના સભ્યો વિરુદ્ધ દેશી દારૂનો ખોટો કેસ કરવાની ધમકી

આપીને આરોપી કોન્સ્ટેબલ હિરેનકુમાર પટેલે 25,000ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદી આ લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે તુરંત જ એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદીની અરજીના આધારે એસીબી દ્વારા ગુરુવાર, 31મી જુલાઈ, 2025ના રોજ લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ ટ્રેપ દરમિયાન, આરોપી કોન્સ્ટેબલ હિરેનકુમાર પટેલે ફરિયાદીના ઘરે, ઈંદિરાનગર, ગુતાલ ખાતે રૂબરૂ મુલાકાત લીધી હતી. હેતુલક્ષી વાતચીત બાદ તેણે ફરિયાદી પાસેથી લાંચ પેટે માંગેલી 25,000ની રકમ સ્વીકારી હતી. તે જ સમયે, એસીબીની ટીમે તેને રંગેહાથ ઝડપી લીધો હતો. એસીબીની ટીમે આરોપી પાસેથી લાંચની રકમ પણ રિકવર કરી છે.

આ સફળ ઓપરેશનમાં એસીબીના અધિકારીઓ અને તેમની ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી, અને લાંચિયા પોલીસકર્મી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઘટનાએ પોલીસ વિભાગમાં ચાલતી ભ્રષ્ટાચારની પ્રવૃત્તિ પર ફરી એકવાર સવાલો ઉભા કર્યા છે. ખંભાત બાદ નડિયાદમાં લાંચ કેસમાં પોલીસ પકડાતાં ચકચાર મચી ગઈ હતી.

આણંદના ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા 130 જેટલી લારી ગલ્લાની તપાસ કરી

આણંદ જિ.ની ખાણી પીણીની 22 લારી પરથી નમૂના લેવાયાં

સ્થળ પર જ 88 કિલો બિનઆરોગ્યપ્રદ ખાદ્ય ચીજોનો નિકાલ કરાયો

(પ્રતિનિધિ) આણંદ તા.31

આણંદ જિલ્લાના ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને સ્ટ્રીટ ફૂડ ખાણીપીની લારીઓની વિસ્તૃત તપાસ કરવામાં આવી હતી. જેમાં 130 જેટલી લારી - ગલ્લાની તપાસ કરી હતી. જેમાં 22 સ્થળે નમુના લીધા છે. આ ઉપરાંત 88 કિલો બિનઆરોગ્યપ્રદ ખાદ્યચીજોનો નિકાલ કર્યો હતો.

વિદ્યાનગરના ઈસ્કોન મંદિર રોડ, આણંદ શહેરના ટાઉનહોલ પાસે, ખાઉંદરા ગલી, નવા બસ સ્ટેન્ડ પાસે, ગામડી વડ, ગ્રીડ ચોકડી રોડ પર, ખંભાત ખાતે બસ સ્ટેશન, ટાવર પાસે, સ્ટેશન રોડ, પ્રેસ રોડ, ડોક્ટર આંબેડકર સર્કલ પાસેના સ્ટ્રીટ ફૂડ તથા આમલેટ બનાવતી પેઢીઓની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત સોજીત્રા ચોકડી ખાતે અને સોજીત્રા બસ સ્ટેન્ડની આસપાસના વિસ્તારમાં તથા ચાંગા અને ચાંગા યુનિવર્સિટીની આસપાસમાં આવેલી ખાણીપીણીની લારી ગલ્લાઓમાં કુલ 130 ખાણી-પીણીના લારી ગલ્લાઓની તપાસ કરતા 22 જેટલા નમુના લઈને પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. લેબોરેટરીનો રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ અંગે ખોરાક અને ઔષધ નિયમનના જણાવ્યાનુસાર, આ તપાસ દરમિયાન જોવા મળેલ બિન આરોગ્યપ્રદ ખાદ્ય ચીજોનો કુલ 88 કિલોગ્રામનો જથ્થો સ્થળ ઉપર જ નાશ કરવામાં આવ્યો છે અને 06 જેટલી પેઢીઓને હાઈજિંન તેમજ સેનિટેશન બાબતે સુધારા કરવા અંગેની નોટિસ આપવામાં આવી છે.

બાકરોલ ગામમાં જાહેરમાં જુગાર રમતાં નવ પકડાયાં

વિદ્યાનગર પોલીસે દરોડો પાડી 10 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.31

આણંદના બાકરોલ ગામમાં જાહેરમાં જુગાર રમતાં 9 શખ્સને વિદ્યાનગર પોલીસે દરોડો પાડી પકડી પાડ્યાં હતાં. આ અંગે તમામ સામે ગુનો નોંધી દસ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વિદ્યાનગર પોલીસને બાતમી મળી હતી કે, બાકરોલ કોલોની પાટીયા પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સ જુગાર રમી રહ્યાની બાતમી વિદ્યાનગર પોલીસને મળી હતી. આ બાતમી આધારે પોલીસે ટીમ બનાવી 30મી જુલાઈના રોજ દરોડો પાડ્યો હતો. આ દરોડામાં નાસભાગ થતાં પોલીસે કોર્ડન કરી 9 જેટલા શખ્સને જુગાર રમતાં રંગેહાથ પકડી પાડ્યાં હતાં. આ શખ્સોની પુછપરછ કરતાં તે સમીર ઉર્ફે ચકો પુંજા પટેલ, રાહુલ જગદીશ પરમાર, રોહિત રમેશ ઠાકોર, કિરીટ નરેશ વસાવા, દિપક ઉર્ફે સચીન દિનેશ ઠાકોર, પારસ ઉર્ફે અજીત રમેશ ઠાકોર, વિપુલ ગોપાલ, વિશાલ ઘનશ્યામ ઠાકોર, વિજય દિનેશ હોવાનું જણાવ્યું હતું. આ શખ્સો પાસેથી પોલીસે રોકડ સહિત કુલ રૂ.10,260નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

ખેરડામાં જુગાર રમતાં 11 પકડાયાં

(પ્રતિનિધિ) આણંદ તા. 31

ખંભોળજ પોલીસે જાહેરમાં જુગાર રમતાં ધર્મેશ ઉર્ફે ધમો ભોઈ, અનવર મલેક, બીપીન રાઉલજી, વિનોદસિંહ છાસટીયા, વિક્રમ ઉર્ફે ચકો ભોઈ, વિજય ઉર્ફે પપ્પુ ભોઈ, ભરત ભોઈ, વિશાલ ભોઈ, દિલીપ ભોઈ, કૈવલ ભોઈ અને દર્શન ભોઈને જુગાર રમતા પકડી પાડ્યાં હતાં.

ઉમરેઠ નગરપાલિકા, ઉમરેઠ, જી-આણંદ

જાહેર સુચના

ઉમરેઠ નગરપાલિકાની જાહેર જનતાને જાણ થાય કે ઉમરેઠ નગરપાલિકા દ્વારા ચોમાસાની ઋતુને ધ્યાને લઇ નાગરિકોના આરોગ્યની સુખાકારી માટે અઠવાડિયામાં એક વાર એટલે કે દર ગુરુવારે સુપર ક્લોરીનેશન કરવામાં આવનાર છે.જેની આપ તમામ શહેરીજનોને જાણ થાય.

ચીફ ઓફિસર
ઉમરેઠ નગરપાલિકા

નડિયાદમાં પતિએ પત્નીને પહેરેલા કપડે કાઢી મુકી

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 31

નડીયાદમાં પરણિતાને શારિરિક માનસીક ત્રાસ આપી સાસરીયાઓએ ઘરેથી કાઢી મુકી હતી.

નડિયાદના રીઝવાનાબાનુના લગ્ન મુનાફ ઉર્ફે મુન્ના ગુલામનબી મલેક (રહે. શક્કરકુઇ, નડિયાદ) સાથે 2023માં થયાં હતાં. આ લગ્ન બાદ રીઝવાનાબાનુ સયુકત પરિવારમાં રહેતા હતા. અહીં શરૂઆતના ત્રણ મહિના સુધી ઘરસંસાર સારો ચાલ્યો હતો. પરંતુ પતિ શંકાશીલ હોવાથી રીઝવાનાબાનુને કોઈની સાથે વાત કરવા દેતો નહતો. તો બીજી તરફ સાસુ-સસરા પણ તારા પિયરમાંથી કઇ આપ્યું નથી. તેમ સંભળાવી મ્હેણા ટોણા મારતા હતા અને પૈસાની માગણી કરતાં હતાં. રીઝવાના બાનુને ખાવા પીવામાં હેરાન કરી ઘરના બધા જમી લે પછી તારે જમવાનું તેમ કહેતાં હતાં. બીજી તરફ ઘરનું તમામ કામ રીઝવાના પાસે કરાવવામાં આવતું હતું. પ્રસુતિ સમયે બાળકનું મોત થયું હતું. જેની દાઝ રાખી સાસરીયાએ ઝગડો કર્યો હતો. તેમાંય 24મી એપ્રિલ,25ના રોજ રકાબી તુટી જવાને લઈને સાસરીયાએ ઝગડો અને મારઝુડ કરી રીઝવાનાને પહેરેલ કપડે કાઢી મુકી હતી. આ અંગે રીઝવાનાબાનુએ પતિ મુજફ્ફર મુનાફ મલેક, સીરીનબાનુ મુનાફ મલેક, મુન્ના ગુલામનબી મલેક, મુગીશ મુનાફ મલેક, નાસરીનબાનુ મુગીશ મલેક સામે ખેડા મહિલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

આગરવામાં વૃદ્ધાની હત્યા કરી લાશને કેનાલમાં ફેંકી દીધી

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં નાક પર હથિયાર વાગ્યું હોવાનું બહાર આવતા પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) ડાકોર તા.31

ઠાસરા તાલુકાના આગરવા ગામની બહાર મહી કેનાલમાંથી શંકાસ્પદ હાલતમાં વૃધ્ધાની લાશ મળી આવતા ખળભળાટ મચ્યો હતો. પ્રાથમિક તપાસમાં કોઇ ભારે ધારદાર હથીયાર વડે નાક ઉપર મારી તેઓનુ મોત નીપજાવ્યું હોવાની સાથે લાશને મહી કેનાલમાં ફેકી દીધી હોવાનું તારણ મળ્યું હતુ. જે અંગે ડાકોર પોલીસે ફરીયાદ નોંધી હતી.

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના જાલમપુરા ગામમાં રહેતા ઈશ્વરસિંહ રૂમાલસિંહ સોલંકી ખેતી કામ કરે છે. તેમના માતા નંદાબહેન (ઉ.વ.65) તેમની સાથે જ રહેતાં હતાં. દરમિયાનમાં 28મી જુલાઇના રોજ બપોરના સુમારે નંદાબહેન ઘરેથી કોઇને કંઇ પણ કહ્યા વગર નિકળી ગયાં હતાં. આ અંગે તપાસ કરવાં છતાં તેમનો કોઇ પત્તો લાગ્યો નહતો. આખરે સોઠંબા પોલીસ મથકે ગુમ થયાની જાણવા જોગ નોંધ કરાવી હતી. દરમિયાનમાં 29મી જુલાઇના રોજ આગરવા ગામની બહાર મહી કેનાલ નહેરમાંથી નંદાબહેનની લાશ મળી આવતા મામલો ડાકોર પોલીસ સ્ટેશનમાં પહોચ્યો હતો. જે અંગે બાયડ જાલમપુર ખાતે રહેતા પરિવારજનોને જાણ થતા તેઓ કરમસદ શ્રી કૃષ્ણ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ કોલ્ડ રૂમમાં પહોચ્યાં હતા. જયા પરિવારજનોએ જોતા મૃતકના માથાના કપાળના ભાગે અને ગળાના ભાગે ઈજાઓ થઇ હોવાનું જોવા મળ્યુ હતુ. તો પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ પણ ધારદાર ભારે સાધનથી નાક ઉપર વાગવાથી મૃત્યુ થયુ હોવા અંગેનો નિષ્કર્ષ નીકળ્યો હતો. આ અંગે મૃતકના પુત્ર ઈશ્વરસિંહ સોલંકીએ ડાકોર પોલીસ સ્ટેશનમાં હત્યાની ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.